# સુરત મહાનગરપાલિકા

મોજે મગોબ - ડુંભાલની સુડાના પુનરાવર્તિત વિકાસ નકશા ૯૬માં ''ટી-૧૩ ટ્રાન્સપોર્ટ ગોડાઉન અને માર્કેટીંગ યાર્ડ''ના રીઝર્વેશનવાળા વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૩ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તા મંડળે તેના તા. ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટેતથા સુડાના પત્ર નં. સુડા/યુ-ક/૬૦૨, તા. ૩-૨-૯૯ થી મોજે મગોબની સુડા વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં અનામત હેઠળ આવતી જમીનોમાં નગર રચના યોજના તૈયાર કરવાની તેમજ અમલીકરણ કરવાની સઘળી સત્તાઓ સત્તા મંડલના બોર્ડના ઠરાવની અપેક્ષાએ તેમજ ઠરાવ અન્વયે સરકારશ્રીના આદેશોની અપેક્ષાએ આ કાર્યવાહી હાથ ધરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સોંપવાનો નિર્ણય લીધાની જાણ કરેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ ૪૧ની જોગવાઇઓ મુજબ સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૧૭/૯૯, તા. ૧૫-૩-૯૯ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૩માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ મગોબ- ડુંભાલ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૩ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, મુગલીસરા, ચોકબજાર, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૨૩-૩-૯૯

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

## -: ઠરાવ :-

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૮-૨-૯૯ના પત્ર નં.સીમીસ/૮/૪૫થી વિદિત થઇ તેમાં જણાવેલ સઘળી માહીતી ધ્યાને લઇ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કર્યા બાદ, સુડાના પુનરાવર્તિત વિકાસ નકશા-૯૬માં મોજે મગોબ-ડુંભાલની ''ટી.૧૩ ટ્રાન્સપોર્ટ ગોડાઉન અને માર્કેટીંગ યાર્ડ''ના સુરત મહાનગરપાલિકાના હેતુ માટેના રીઝર્વેશનવાળા વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫૩ (મગોબ-ડુંભાલ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી રંગથી સલંગ રેખામાં બતાવેલ વિસ્તારમાં ગુજરાત નગર રચના અને સહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ-૪૧(૧) મુજબ ઇરાદો જાહેર કરવાનું અને તે અંગે સામેલ અધિસુચન મંજુર કરવાનું તેમજ સદર અધિસુચનને સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું, તથા ઇરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૧૭/'૯૯ સર્વાનુમતે મંજુર

નં.પી.આર.ઓ./૫૯૮/૯૮-૯૯
તા. ૩૦/૩/૯૯